પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૭ | ૧ માર્ચ, ૨૦૨૨, મંગળવાર; મહા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મોંઘવારીનો માર : અમૂલ દૂધમાં રૂ. ૨ નો ભાવ વધારો

**મધ્યમવર્ગને મોંઘવારીની વધુ એક લપડાક અમુલ દુધના ભાવમાં પ્રતિલીટરે રૂ ૨ નો વધારો : છેલ્લા આઠ મહીનામાં ફરી એકવાર દુધનો ભાવ વધ્યો : તાજા ગોલ્ડ અને શકિતના ભાવમાં વધારો : આજથી સમગ્ર દેશમાં ભાવ વધારો લાગુ કરાશે : જીવન જરૂરિયાતની રોજીંદી ચીજવસ્તુઓમાં સતત થતા ભાવ વધારાથી ગરીબ અને મધ્યમવર્ગની કપરી સ્થિતિ : મહામારીના કપરા કાળમાં ટકી રહેવા લડત આપતા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો માટે વધતી મોંઘવારી મરણતોલ ફટકા સમાન : દુધના ભાવ વધારાથી ચા ની ચુસ્કીનો સ્વાદ પણ ફીક્કો પડશે**

ગાંધીનગર તા ૨૮

કોરોનાના કહેર વચ્ચે આમ નાગરિકો અનેક મુસીબતોમાં જીવન નિર્વાહ કરી રહ્યા છે. આવા કપરા સંજોગોમાં મોંઘવારી એક મોટી મુસીબત સમાન બની છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થતો ઝીંકાતા ગરીબ અને મધ્મવર્ગ માટે આ ભાવવધારો મરણતોલ ફટકા સમાન પુરવાર થઈ રહ્યો છે. મોંઘવારીના ખપ્પરમાં હોમાતા પરિવારો દયાજનક સ્થિતિમાં આવી ગયા છે. એક બાદ એક ચીજવસ્તુઓના ભાવ આસમાને ચઢતા જાય છે. પેટ્રોલ ડીઝલનો હજુ ભાવ વધારો તોળાઈ રહ્યો છે ત્યારે રોજબરોજ રસોડે વપરાતી ચીજવસ્તુઓના ભાવ વધતા બજેટ મેનેજ કરવામાં આમ પરિવારો ગુંગળામણ અનુભવી રહ્યા છે. અમુલ ફેડરેશને દુધના ભાવમાં પ્રતિલિટર રૂ ૨ નો વધારો કરી દેતા કપરા કાળમાં મોંઘવારીની વધુ એક લપડાક સહન કરવાનો વારો આવ્યો છે.

કોરોના કાળમાં આમ નાગરિકોએ આર્થિક ફટકો સહન કર્યા બાદ હજુ પણ વેપાર ધંધાની ગાડી ટ્રેક પર આવી નથી બીજીતરફ બેરોજગાર યુવાનો હજુ પણ કામની તલાશમાં છે. સામાન્ય પરિવારો

# કીવ પર રશિયાના આક્રમક હુમલા

કીવ, તા.૨૮

રશિયાની સૈનાએ યુક્રેન પર હુમલો કર્યા બાદ તેની રાજધાની કીવ પર કબજો કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આજે યુદ્ધનો પાંચમો દિવસ છે અને યુક્રેનને ચારે તરફથી ઘેરીને રશિયાના સૈનિકો વિવિધ શહેરોમાં ઘૂસીને કાર્યવાહી કરી રહ્યા છે. ત્રણ દિવસથી કીવની એન્ટ્રી પાસે રશિયાના સૈનિકો ફસાયા છે. આવામાં રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્હાદીમીર પુતિનનો ગુસ્સો પણ વધી રહ્યો છે. પુતિનની નારાજગી બાદ રશિયાની સેનાએ કીવ પર હુમલા કરવાનું શરુ કરી દીધું છે. આ હુમલાને જોતા યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલ્દોમીર ઝેલેન્સ્કીએ કહ્યું કે આગામી ૨૪ કલાક વધારે જટીલ સાબિત થશે.

યુક્રેનના વહીવટી તંત્રના લોકોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ બંકરોમાં ચાલ્યા જાય. સોમવારે સવારે યુક્રેનની રાજધાનીમાં જોરદાર ધડાકા શરુ થઈ ગયા છે. આ હુમલા એવા સમયે તેજ થયા છે કે જ્યારે બેલ્લારુસના તાનાશાહ અને પુતિનના નજીકના સહયોગી એલેક્ઝાન્ડર લુકાશેક્રોએ પશ્ચિમના દેશો પર આરોપ લગાવ્યો છે કે તેઓ રશિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહ્યા છે. લુકાશેક્રોએ ભાર આપીને કહ્યું કે રશિયા સામે અમેરિકા અને બ્રિટનના પ્રતિબંધના કારણે રશિયાનું યુક્રેનમાં હુમલાનું જોર વધ્યું છે.

રશિયાની સેનાએ યુક્રેનની રાજધાની કીવને ત્રણ દિવસથી ઘેરી રાખી છે, પરંતુ અંદર ઘૂસી શકતી



નથી. જ્યારે પણ કીવ તરફ રશિયાની સેના વધી છે ત્યારે યુક્રેનની સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. યુક્રેનની સેના પાસે અમેરિકાની જેવલિન મિસાઈલ છે જે રશિયાની ટેંક ફુરચા ઉડાવી શકે છે. આ જ રીતે અમેરિકાએ આપેલી સ્ટિંગર મિસાઈલ રશિયાના ફાઈટર જેટ માટે કાળ સાબિત થઈ રહી છે. આટલું જ નહીં યુક્રેનની સેનાએ સ્થાનિક લોકો અને હવે કેદીઓને પણ મોટા પ્રમાણમાં હથિયાર આપ્યા છે.

કહેવાય છે કે લગભગ ૨૫ હજાર રાઈફલ અને લાખો ગોળીઓ કીવના સ્થાનિક લોકોને આપવામાં આવી છે. હવે રશિયાની સેનાની લડાઈ કીવના રસ્તાઓ પર થઈ રહી છે. ગલીઓની લડાઈમાં એમને વધારે ફાયદો થાય છે કે જેઓ ત્યાંથી વાકેફ હોય. રશિયાની સેનાએ ઘૂસણખોરી કરી છે અને યુક્રેનના વળતા જવાબમાં તેમને નુકસાન ભોગવવું પડી રહ્યું છે. રશિયાએ પોતાના હથિયાર અને દારુગોળાને હજારો કિલોમીટર દૂરથી મંગાવવા પડી રહ્યા છે. તેમની ટેંકમાં ઈંધણ ખતમ થઈ રહ્યું છે. કહેવાય છે કે, હવે રશિયાએ મોટા પ્રમાણમાં જરુરી હથિયાર કીવ મોકલ્યા છે. સેટલાઈટ તસવીરોમાં ઘણાં કિલોમીટર સુધી લાંબો કાફલો દેખાઈ રહ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે રશિયાએ યુક્રેનની રાજધાનીને સંપૂર્ણ રીતે ઘેરી લીધી છે. આ કારણે જ કીવ પર રશિયાની સેના ઘાતક હુમલા કરી રહી છે. આવનારા ૨૪ કલાક નિર્ણાયક સાબિત થશે.

# બેલારૂસમાં રશિયા અને યુક્રેન વચ્ચે મંત્રણા શરૂ

**યુક્રેન અને રશિયાના પ્રતિનિધિમંડળ બેલારૂસ પહોંચ્યા, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બેલારુસમાં એમ્બેસી બંધ કરી**

નવી દિલ્હી, તા.૨૮

બેલારુસના મિન્સ્ક શહેરમાં રશિયા સાથે ચાલી રહેલા તણાવ અને યુદ્ધ વચ્ચે બંને દેશોના



પ્રતિનિધિમંડળો વચ્ચે શાંતિ મંત્રણાને લઈને તમામ ઔપચારિક તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ભારતીય સમય અનુસાર બપોરે ત્રણ વાગ્યા પછી બેઠક શરૂ થઈ છે. આ બેઠક પર તમામ દેશોની નજર છે. સમાચાર એજન્સી તાસના જણાવ્યા અનુસાર રશિયાનું નેતૃત્વ વ્લાદિમીર મેડિન્સકી કરી રહ્યા છે, જે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સહયોગી છે. તેણે અગાઉ કહ્યું હતું કે બેલારુસના ગોમેલ ક્ષેત્રમાં મંત્રણા માટે યુક્રેન સાથે સમજૂતી થઈ હતી. રશિયાનું પ્રતિનિધિમંડળ ત્યાં પહોંચી ચૂક્યું છે. રોઈટર્સે યુક્રેનના રાષ્ટ્રપતિ કાર્યાલયને ટાંકીને જણાવ્યું હતું કે યુક્રેનનું પ્રતિનિધિમંડળ રશિયન પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા બેલારુસિયન સરહદ પર પહોંચી ગયું છે.

યુ.એસ.એ યુક્રેન પરના હુમલા સામે કઠોર બદલો લેવા માટે રશિયન સેન્ટ્રલ બેંકને બંધ કરી, રાજ્યના રોકાણ ભંડોળ પર પ્રતિબંધ મૂક્યો હોવાનું જાણવા મળ્યું છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બેલારુસમાં એમ્બેસી બંધ કરી, યુએસ રાજદ્વારીઓને રશિયાની મુલાકાત લેવા માટે અધિકૃત કર્યા કર્યા હોવાના અહેવાલ પણ મળ્યા છે. યુએનના માનવાધિકાર વડા મિશેલ બેચેલેટનું કહેવું છે કે તેમની ઓફિસે પુષ્ટિ કરી છે કે ગુરુવારથી યુક્રેનમાં હિંસામાં ૭ બાળકો સહિત ૧૦૨ નાગરિકો માર્યા ગયા છે અને ૩૦૪ અન્ય ઘાયલ થયા છે.

## રૂબલમાં ૪૧ ટકાનો કડાકો, ભાવ ૧૧૭ યુએસ ડોલર

**સ્વિફ્ટમાંથી બાકાત અને પ્રોજેક્ટો રદ્દ સહિતના અનેક પ્રતિબંધો લદાતા રશિયાના ચલણમાં ડોલરની સામે ઘટાડો**

મોસ્કો, તા.૨૮

યુક્રેન સામે યુદ્ધની જાહેરાતથી માત્ર યુક્રેનને જ મસમોટું નુકશાન નથી થઈ રહ્યું. મહાસત્તા રશિયાને પણ આર્થિક મોરચે હવે નુકશાન થઈ રહ્યું છે. સ્વિફ્ટમાંથી બાકાત અને પ્રોજેક્ટો રદ્દ સહિતના અનેક પ્રતિબંધો લદાતા રશિયાના ચલણમાં ડોલરની સામે મસમોટો ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગત સપ્તાહના ગુરૂવારના કડાકા અને શુક્રવારના રીબાઉન્ડ બાદ આજે ફરી નવા સપ્તાહના નવા સત્રમાં રશિયન કરન્સીમાં મસમોટું ગાબડું જોવા મળી રહ્યું છે. રશિયન રૂબેલ ડોલરની સામે સોમવારના શરૂઆતી સત્રમાં ૪૧%ના કડાકે ૧૧૭ પ્રતિ યુએસ ડોલરના લેવલ સુધી ગગડ્યો હતો.

જોકે, બાદમાં સેન્ટ્રલ બેંકની એક જાહેરાતને પગલે તેમાં સુધારો જોવા મળ્યો છે. રશિયન ચલણના ઘસારાને અટકાવવા, વિદેશમાંથી પરત ખેંચાતા ફંડને અટકાવવા માટે સેન્ટ્રલ બેંકે સોમવારે જાહેરાત કરી હતી કે તે દેશના મુખ્ય વ્યાજદરને ૯.૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી રહી છે.

## બાયરાક્ટર ડ્રોનથી હુમલાઓ કરીને રશિયન લડાકુ વાહનોનો નાશ કરાયો

**રશિયન સૈન્ય પર યુક્રેનનો વળતો જોરદાર હુમલો : રશિયાએ એવો દાવો કર્યો છે કે તેણે ઘણા બાયરાક્ટર ડ્રોનને તોડી પાડ્યા છે**

કીવ, તા.૨૮

તુર્કીના બાયરાક્ટર ટીબીટી-૨ ડ્રોન આર્મેનિયાના નગાર્નો-કારાબાખ બાદ હવે યુક્રેન યુદ્ધમાં ફરી એકવાર રશિયન શસ્ત્રોનો કાળ બની રહ્યા છે. યુક્રેનિયન સૈન્યએ બાયરાક્ટર ટીબીટી ૨ ડ્રોનની મદદથી રશિયન ટેક્ર અને સશસ્ત્ર વાહનો પર આક્રમક હુમલો શરૂ કર્યો છે. યુક્રેનના વાયુસેનાના વડા લેફ્ટનન્ટ જનરલ માયકોલા ઓલેશ્ચુકે હુમલાની પુષ્ટિ કરતા બાયરાક્ટર ડ્રોનને જીવન આપનાર ગણાવ્યું. દરમિયાન રશિયાએ એવો પણ દાવો કર્યો છે કે તેણે ઘણા બાયરાક્ટર ડ્રોનને તોડી પાડ્યા છે.

યુક્રેનના દૂતાવાસે એક ડઝનથી વધુ સૈન્ય વાહનો ધરાવતા રશિયન લશ્કરી કાફલા પર મોટા પાયે હુમલાનો વિડીયો જાહેર કર્યો છે. આ હુમલામાં રશિયન લડાકુ વાહનો નાશ પામ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ફૂટેજ કિવથી ૬૦ માઈલ દૂર આવેલા મલયાનના છે. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું કે બીજો હુમલો યુક્રેનના દક્ષિણ ભાગમાં આવેલા ચોર્નોબેવકામાં થયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં ભીષણ લડાઈ ચાલી રહી છે.

એમ્બેસીએ કહ્યું, 'કાંટા વગર ગુલાબ હોતું નથી. રશિયન હુમલાખોરો સાથે બાયરાક્ટર ટીબીટી ૨ ડ્રોન દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. શનિવારે યુક્રેનની સૈન્યએ બીજો ડ્રોન વિડીયો બહાર પાડ્યો હતો જેમાં ડ્રોન હુમલામાં રશિયન કાફલાનો નાશ થયો હતો. આ દક્ષિણી શહેર ખેરસનમાં રશિયન સેના પર હુમલો કરવામાં આવ્યો હતો. જણાવી દઈએ કે યુક્રેનની મદદ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ભારતમાં નીચું તાપમાન લાંબુ નહીં રહે, પારો ઊંચકાશે

નવી દિલ્હી, તા.૨૮

છેલ્લા કેટલાક દિવસોમાં ભારતના ઉત્તરીય મેદાનોમાં કેટલીક વરસાદી ગતિવિધિઓ જોવા મળી છે. આ પ્રવર્તમાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને તેનાથી પ્રેરિત પરિભ્રમણને કારણે થયું હતું. હવે સિસ્ટમને ધ્યાનમાં રાખીને કેટલાક ભાગોમાં સિંગલ ડિજિટ લઘુત્તમ તાપમાન જોવા મળ્યું છે અને સામાન્ય રીતે દિલ્હી સહિત સમગ્ર ઉત્તરીય મેદાનોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. દિલ્હીમાં વાસ્તવમાં તેનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે જોવા મળ્યું હતું. રાજસ્થાનમાં પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. ચુરુમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસ, પિલાનીમાં ૮.૧ ડિગ્રી અને શ્રી ગંગાનગરમાં ૯ ડિગ્રી નોંધાયું હતું. આ બધા શહેરોમાં પહેલા લઘુત્તમ તાપમાન ૧૨-૧૪ ડિગ્રી સેલ્સિયસની આપસાર રહ્યું હતું. ઉત્તર ભારતમાં અન્ય લઘુત્તમ તાપમાનમાં મેરઠ ૯.૧ ડિગ્રી, અમૃતસર ૭.૧ ડિગ્રી, કર્નાલ ૭.૮ ડિગ્રી સામેલ છે. આમ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વિદાયને જોતા પંજાબ, ઉત્તર પ્રદેશ અને

● અનુસંધાન પાન-૭ પર

## માધબી પુરી બૂચ સેબીના પ્રથમ મહિલા ચેરમેન બનશે

નવી દિલ્હી, તા.૨૮

એનએસઈ કાંડના તાજેતરના ખુલાસા બાદ સરકારની પણ હાલત કફોડી બની છે. સેબીના ટોચના અધિકારીઓ પર પણ શંકાની સોય અટકાતા સરકાર હવે સેબીના અધ્યક્ષ પદે પણ નવા સુકાનીની નિમણૂક કરવા જઈ રહી છે. એનએસઈ કાંડ સાથે જ સંકળાયેલા માધબી પુરી બૂચને જ સેબીના નવા અધ્યક્ષ બનાવવામાં આવશે.

નવી શરૂ થતી
સાંજે ૭:૩૦ની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

જો આપ નર્સરી કે જુનિયર કે. જી. કરવાનું આ બે વર્ષમાં ચૂકી ગયા છો તો આ એડ આપના માટે છે.
The biggest Pre School of Gandhinagar
starts " मम्मी का पल्लू छोडो "
batch for two months
Classroom study / a lot of indoor and outdoor activities / galore of books and toys
NANAVATI Pre School since 2002
Sector : 6, Opp. Rohidas Temple, Gandhinagar
M. 97143 90494 / visit our web site : nanavatisworld.com

IELTS
ગેરંટેડ બેન્ડ બેચ
ફી પરતની લેખિત ગેરંટી સાથે*
UNIQSYNERGY study abroad 6359597040

ચારધામ
દિવસ ૧૩/૧૪
તારીખ: જુન-જુલાઈ
GOA કેરાલા સિક્કિમ
હિમાચલ લદ્દાખ કાશ્મીર
Ami Tours & Travels
Call: 9624639750

અમૂલ દૂધની કિંમતોમાં નજીવો વધારો.

| પ્રકાર | SKU | હાલની એમઆરપી* (₹) | નવી એમઆરપી* (₹) |
|---|---|---|---|
| અમૂલ ભેંસનું દૂધ | 500 મિલી | 30 | 31 |
| અમૂલ ગોલ્ડ | 500 મિલી | 29 | 30 |
| અમૂલ શક્તિ | 500 મિલી | 26 | 27 |
| અમૂલ ટી – સ્પેશ્યલ | 500 મિલી | 27 | 28 |
| | 1 લીટર | 53 | 55 |
| અમૂલ ગાયનું દૂધ | 500 મિલી | 24 | 25 |
| અમૂલ તાજા | 500 મિલી | 23 | 24 |
| | 1 લીટર | 45 | 47 |
| અમૂલ ચ્હા મઝા | 500 મિલી | 23 | 24 |
| | 1 લીટર | 46 | 48 |
| અમૂલ સ્લિમ 'એન' ટ્રિમ | 500 મિલી | 20 | 21 |
| | 200 મિલી | 9 | કોઈ ફેરફાર નહીં |

*એમઆરપી (બધાં કરવેરા સહિત) શરતો લાગુ.
નવી કિંમતો 1 માર્ચ, 2022 ના રોજ સવારથી અમદાવાદ, ગાંધીનગર, ભરૂચ, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, ખેડા, આણંદ, પંચમહાલ, નર્મદા જીલ્લા અને નજીકના માર્કેટમાં લાગુ રહેશે.
અમૂલ દૂધ
Amul The Taste of India
અમે દૂધની કિંમતોમાં પ્રતિ લીટર ₹2 નો નજીવો વધારો કર્યો છે, જે ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને લીધે કરાયો છે. વધુ માહિતી માટે કૃપા કરી અહીં સંપર્ક કરો – અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57, ભરૂચ: 7778970697, આણંદ: 9727710182, 9727795731 અને 02692-225646 | ટોલ ફ્રી નં. 1800-258-3333